પત્રિકા ૧૫૨

# ચિરાગે હિદાયત

30/03/૧૮ ૧૧ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૩ રજબ – વિલાદતે અમીરૂલ મોઅમેનીન હઝરત ઈમામ અલી(સ.અ.)

૧૫ રજબ – શહાદતે હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)

## મોહબ્બતે હઝરત ઈમામ અલી(અ.સ.)

**‘‘અય મઅબુદ ! મારી ઈઝ્ઝત માટે એટલું જ બસ છે કે હું તારો બંદો છું અને મારા ફખ્ર માટે એટલું જ કાફી છે કે તું મારો પાલનહાર છે. તું એવો છો જેવો હું ચાહું છું તો મને (પણ) એવો બનાવ કે જેવો તું ચાહે.’’** *– હઝરત ઈમામ અલી(અ.સ.)*

અઝીઝો! આ એ વ્યક્તિના જુમ્લાઓ છે જે કાએનાતની અઝીમ ફઝીલતોના માલિક છે, જેના બયાનને લખવા માટે તમામ દરખ્ત કલમ બની જાય તમામ દરિયાઓની સ્યાહી બની જાય અને તમામ જીન્નો ઈન્સ તેને લખવા બેસી જાય તો પણ શકય નથી કે આપ(અ.સ.)ની ફઝીલતો પુરેપૂરી લખાય જાય.

આપણે શું બયાન કરી શકીએ જયારે આપણી પાસે તો મૌલા અલી(અ.સ.)ની સાચી માઅરેફત પણ નથી. આવો તેની પાસેથી જાણીએ કે જેઓ અલ્લાહના રસૂલ છે.

શરફુદીન નજફી પોતાની કિતાબ ‘ફીમા નઝલ ફી એહલેબૈતે(અ.મુ.સ.) ફીલ કુરઆન’માં અબુલ હસન અલી બિન મોહમ્મદની કિતાબ ‘અલ વાહેદાહ’ના હવાલાથી જનાબે અબુઝરે ગફફારીથી આ રિવાયત નકલ કરે છે કે એક દિવસ હું હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં બેઠો હતો અને અમે વાતો કરી રહયા હતા કે એટલામાં હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.) દાખલ થયા. જેમને જોઈને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નો ચહેરો ખુશીથી ખીલી ઉઠયો. આપે હઝરત અલી(અ.સ.)ને પોતાની છાતીથી લગાડી અને તેમની પેશાની ઉપર બોસો આપ્યો અને પછી મારી તરફ ફરીને કહ્યું કે ‘‘અય અબુઝર! શું તમે આ આવવાવાળાની હકીકી માઅરેફત રાખો છો.’’

જનાબે અબુઝરે કહ્યું ‘‘યા રસૂલલ્લાહ(સ.અ.વ.)! તે આપના ભાઈ, આપની દિકરી જનાબે ફાતેમા(સ.અ.)ના શોહર અને જવાનાને જન્નતના સરદાર જનાબે

હસન(અ.સ.) અને જનાબે હુસૈન(અ.સ.)ના વાલિદ છે.''

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે ''અય અબુઝર! આ રોશન ઈમામ અલ્લાહનો મોટામાં મોટો દરવાજો છે. જેને અલ્લાહની જરૂરત હોય તેના સુધી પહોંચવું હોય તો તે આ દરવાજાથી દાખલ થાય.''

''અય અબુઝર! આ અદ્‌લે ખુદાવંદીનો મન્સફ (ઓહદો) છે અને હરમે ઈલાહીનો મોહાફીઝ છે અને અલ્લાહના દીન માટે મદદગાર છે અને બંદાઓ પર અલ્લાહની હુજ્જત છે અલ્લાહે જે જે ઉમ્મતમાં નબી મોકલ્યા, હઝરત અલી(અ.સ.) થકી હુજ્જત કાએમ કરી.''

''અય અબુઝર! આસમાનમાં ૭૦ હજાર ફરિશ્તાઓ છે જે તસ્બીહ અને ઈબાદતની બદલે અલી(અ.સ.) અને તેમના શિયાઓના હકમાં દુઆ કરે છે અને તેમના દુશ્મનો માટે બદદુઆ.''

''અય અબુઝર! અગર અલી(અ.સ.) ન હોત તો હક અને બાતિલ ભેગા થઈ જાત અને મોઅમીન અને કાફિર વચ્ચે ફર્ક ન રહેતે અને અલ્લાહની ઈબાદત ન થાત.''

પછી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ કુરઆનની સૂરએ શૂરા આયત નં.૧૩ ની તિલાવત કરી જેનો તરજૂમો આ પ્રમાણે છે:

''તેણે તમારા માટે એજ દીન નકકી કર્યો છે કે જેની તેણે નુહને નસીહત કરી હતી અને જે અમોએ તારી તરફ વહી થકી મોકલ્યો છે અને જેને અમોએ ઈબ્રાહિમ તથા મુસા તથા ઈસાને પણ (પાળવાની) નસીહત કરી હતી કે દીનને કાયમ રાખો અને તેના સંબંધમાં મતભેદમાં વહેંચાઈ ન જાઓ; જે દીન તરફ તું મુશરિકોને બોલાવે છે તે તેમના માટે અત્યંત ભારે થઈ પડયો છે. અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના માટે ચૂંટી કાઢે છે અને જે તેની તરફ વારંવાર રજુ થાય છે તેને પોતાના તરફનો સન્માર્ગ દેખાડે છે.''

''અય અબુઝર ! અલ્લાહ તઆલા પોતાના મુલ્ક અને વહદાનિય્યતમાં મુફરદ

(એકલો) છે. તેણે તેના મુખ્લીસ બંદાઓને પોતાની ઝાતની મઅરેફત અતા કરી છે અને જન્નતને તેના માટે મુબાહ કરી છે અલ્લાહ જેની હિદાયત કરવા ચાહે છે તેને હઝરત અલી(અ.સ.)ની વિલાયતની મઅરેફત આપે છે અને જેને તબાહ કરવા ચાહે છે તેને તેની મઅરેફતથી રોકી દે છે.''

''અય અબુઝર ! જેણે અલી(અ.સ.)થી મોહબ્બત કરી તે મોમીન બન્યો અને જેણે તેનાથી બુગ્ઝ રાખ્યો તે કાફિર બન્યો. જેણે તેની વિલાયતને છોડી તે ગુમરાહ થયો અને જેણે ઈન્કાર કર્યો તે મુશરિક થયો.''

''અય અબુઝર ! કયામતના દિવસે હઝરત અલી(અ.સ.)ની વિલાયતના મુન્કીરને બહેરો, ગુંગો અને આંધળો બનાવીને લાવવામાં આવશે અને તેને ઝુલ્માતે કયામતમાં ફેંકી દેવામાં આવશે અને તે હસરતથી નિંદા આપશે કે હાય મેં આ શું કર્યુ? એની ગરદનમાં આગનો તોક હશે જેની 300 કડીઓ હશે જેની દરેક કડી ઉપર શયતાન હશે જે તેના ચહેરા તરફ થુંકશે.''

આ હદીસ કે જે મૌલા અલી(અ.સ.)ની ફઝીલતોને બયાન કરે છે તે એક તવીલ હદીસ છે જેનો સમાવેશ અહીં શકય નથી. પરંતુ જો તેનો સારાંશ જોવામાં આવે તો મૌલા અલી(અ.સ.) ઈમામે મોબીન છે કે જેમની વિલાયત, મોહબ્બત અને ઈતાઅત ઈમાનની શર્ત છે, જે અલ્લાહ સુધી પહોંચવાનો દરવાજો છે, જે ઈલ્મનું શહેર છે, જેના દોસ્તોથી દોસ્તી અને દુશ્મનોથી દુશ્મની પછી વિલાયતનો અકીદો કામીલ થાય છે અને વિલાયત તમામ આમાલ કબૂલ થવાની શર્ત છે. દુશ્મને એહલેબૈત(અ.મુ.સ.)માંથી કોઈની માટે જરા બરાબર પણ શક કરવો કે તેની તરફેણમાં રહેવું અલ્લાહના ગૈઝો ગઝબનો હકદાર છે.

* *એહલેબૈત(અ.મુ.સ.)ની મોહબ્બત અને તેમના દુશ્મનોની મોહબ્બત એક દીલમાં નથી રહી શકતી.*

– ઈમામ રઝા(અ.સ.)એ શિયાઓની શફાઅત બયાન કરતા ફરમાવ્યું કે ''અમારા દોસ્તોમાંથી કેટલા લોકો એવા છે જે અમારા શિયાઓ માટે દજ્જાલ છે અને વધારે ફીતના અંગેઝ છે.''

રાવીએ ઈમામ(અ.સ.)ને આનું કારણ પૂછયું ત્યારે ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે **“અમારા દુશ્મનોથી દોસ્તી અને અમારા દોસ્તોથી દુશ્મની કરવાના કારણે.”**

– ઈમામ જાફરે સાદિક(અ.સ.) ફરમાવે છે કે **“અગર કોઈ મોઅમીન (મોહીબ્બે એહલેબૈત(અ.મુ.સ.))ની ખિલાફ કોઈ બાબત બયાન કરે કે જેનાથી તેને ઐબદાર બનાવવાનો અને શરમીંદા કરવાનો મકસદ હોય કે જેથી તે લોકોની નજરોમાં નીચો થઈ જાય, તો ખુદા તેને પોતાની દોસ્તી અને વિલાયતથી ખારિજ કરીને શૈતાનની વિલાયતની તરફ નાખી દે છે, પરંતુ શૈતાન પણ તેને કબૂલ નથી કરતો.”** *(ગુનાહાને કબીરા)*

ઈમામ(અ.સ.)ની આ રિવાયત ઉપર અગર આપણે વિચાર વિમર્શ કરીએ તો એક મોઅમીન બીજા મોઅમીન માટે આવું વર્તન કરે તો તેનો શું અંજામ આવશે? તેનો ફેંસલો આપણે પોતે કરી શકીએ. શું આપણે ઈમામ અલી(અ.સ.)ના ચાહવાવાળા અને કરબલાના બનાવથી પયગામ લેનારા આપણા મોઅમીન ભાઈથી મોહબ્બત કરીએ છીએ?

આપણે એકબીજાને સરળ રીતે કહી દઈએ છીએ કે તમે એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મન છો. શું આ જુમલાથી બીજા મોઅમીનને અઝીય્યત નથી થતી? અને અગર અઝીય્યત પહોંચે છે તો આ હદીસની રોશનીમાં તે અલ્લાહ અને એહલેબૈત(અ.મુ.સ.)થી ઘણાં દૂર છે.

આપણે બધા પરચમે અબ્બાસ(અ.સ.) ઉપાડનારા પરચમે અબ્બાસ(અ.સ.)ના છાયામાં પયગામે કરબલાને દુનિયાવાળાઓ સુધી આ રીતે પહોંચાડીશું? આપણે વફાએ દીનનો પયગામ હઝરત અબ્બાસ(અ.સ.)થી શીખવાનો છે.

અઝીઝો! આ બધીજ હદીસો એ માટે બયાન કરવામાં આવી છે કે શિયાઓ એહલેબૈત(અ.મુ.સ.)ની મોહબ્બતની સાથે તેમના દોસ્તોથી પણ મોહબ્બત કરે ન કે દુશ્મની.

અઝીઝો! આજનો દિવસ એ છે કે જે મોલૂદે કાબા છે જેના દરથી કોઈ ખાલી નથી ફર્યુ. બારગાહે ખુદાવંદે આલમમાં દુઆ કરીએ કે આ અઝીમ નુરના વાસ્તાથી આપણને સૌને મૌલાની મોહબ્બતમાં એક કરી દે અને ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કરે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com